RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 341 * Date: 01.10.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતમાં ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે કાયદો બનશે, ૮ સભ્યોની સમિતિ રચાઈ



ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(જીએસઈબી)ના અધ્યક્ષના વડપણ હેઠળ એક વિશેષ સમિતિની રચના કરાઈ છે.આ કમિટીમાં કુલ ૮ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના નાયબ સચિવ, કમિશ્નર, શાળાઓના નિયામક અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓને સામેલ કરાશે. આ આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન વર્ગો માટે નિયમો અને ધારાધોરણોનો મુસદ્દો તૈયાર કરશે.આ કાયદો ટ્યુશન ક્લાસની ફી, અભ્યાસક્રમ, સલામતીના ધોરણો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં મદદ કરશે. આ ડ્રાફ્ટ કાયદાનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારી લાવવાનો છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુરૂપ હશે. આ કાયદો લાગુ થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે થતાં શોષણથી રક્ષણ મળશે તેવી આશા છે. આ કાયદો ખાનગી ટ્યુશન ક્લાસની મનમાની પર લગામ કસશે અને એક સુવ્યવસ્થિત શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં મદદ કરશે.

આ કાયદાનો મુસદ્દો અંતિમ મંજૂરી અને અમલીકરણ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવશે. સરકારની મંજૂરી બાદ આ કાયદો લાગુ થશે, જે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરુ કરશે.

## ૫ લાખ મુસાફરોને રાહત:દિવાળી તહેવારોમાં એસ.ટી એક્સ્ટ્રા ૨૬૦૦ ટ્રીપ દોડાવશે

રાજ્યના નાગરિકો દિવાળીના તહેવારની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા જુદા જુદા મોટા શહેરોને જોડતી દૈનિક કુલ ૨૬૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવશે .જેનો રાજ્યના અંદાજે પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ મળશે.ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું કે, એસ.ટી નિગમ દ્વારા વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારો અને ખાસ કરીને દિવાળીના તહેવારોમાં રાજ્યના નાગરિકોને કોઈ મુશ્કેલી ન રહે તે પ્રકારે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે.આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬ થી તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવશે. મુસાફરોને દિવાળીના તહેવારો દરમિયાન પોતાના વતનમાં જવા માટે સુરત શહેરમાં રહેતા સૌરાષ્ટ,ઉત્તર ગુજરાતના રત્નકલાકારો ઉપરાંત દાહોદ અને પંચમહાલના શ્રમજીવીઓ માટે ૧૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે.

## શાહીબાગમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલનો ગાંધીનગરમાં નિર્વસ્ત્ર મૃતદેહ મળ્યો, હત્યાની આશંકા

ગાંધીનગરના સેક્ટર ૨૪ ખાતે આવેલા પાઠ્યપુસ્તક એપાર્ટમેન્ટમાંથી ૨૫ વર્ષીય મહિલા પોલીસ કોન્સ્ટેબલનો નિર્વસ્ત્ર મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મૃતક રિંકલ વણઝારા અમદાવાદના શાહીબાગ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હતા. યુવતીના શરીર પર ઈજાના નિશાન હોવાથી પોલીસે હત્યાની આશંકા સાથે તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રિંકલ વણઝારા ગઈકાલે (૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫) રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યાની આસપાસ પોતાના એક્ટિવા પર ઘરે આવ્યા હતા. મોડી રાત્રે તેમના ભાઈ-ભાભીએ ફોન કર્યો પરંતુ રિંકલે ફોન ન ઉપાડતા તેમણે પાડોશીને જાણ કરી. પાડોશીએ તપાસ કરતા ઘરનો દરવાજો બંધ હતો. દરવાજો ખોલીને અંદર જોતા રિંકલ બેભાન અને નિર્વસ્ત્ર હાલતમાં મળી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. જીઁ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને જુદી જુદી ટીમોએ તપાસ શરૂ કરી છે. પોલીસે પંચનામું કરી આસપાસના પાડોશીઓના નિવેદનો લીધા છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. આ




સાથે જ હ્લજીન્ની મદદથી પણ તપાસ ચાલી રહી છે. યુવતીના મૃતદેહ પર ઈજાના નિશાન હોવાથી પોલીસે હત્યાની શક્યતાને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ પોલીસ બેડામાં પણ શોક માહોલ છવાયો છે.

## ૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, સહિતની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે, રૂ. ૩૦૦નું બોનસ પણ મળશે




રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ.,મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ., બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર –માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ ૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બર ૨૦૨૫ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેઓએ ઓનલાઇન નોંધણી કરાવવી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂત મિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખેડૂતોએ ખાસ કાળજી લેવાની રહેશે. દસ્તાવેજ/ડોક્યુમેન્ટ્સની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહી. નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.



## તંત્રી સ્થાનેથી..

# રોકાણકારોને આકર્ષવા માટે એક્ઝિટ લોડમાં ઘટાડો

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં સ્પર્ધા તીવ્ર બની રહી છે, અને આ સ્પર્ધા હવે સ્કીમના પ્રદર્શન, ખર્ચ માળખું અને વિતરણથી આગળ વધી રહી છે. તાજેતરના મહિનાઓમાં, ઘણા મ્યુચ્યુઅલ ફંડોએ રોકાણ ઉપાડ પર લાગુ થતા એક્ઝિટ લોડને તર્કસંગત બનાવ્યા છે.ઓગસ્ટમાં, ટાટા મ્યુ. ફંડે તેની ઈક્વિટી અને હાઈબ્રિડ સ્કીમમાં ૦.૫%નો એકસમાન એક્ઝિટ ચાર્જ લાગુ કર્યો હતો, જે ૩૦ દિવસની અંદર ઉપાડ માટે પણ લાગુ પડતો હતો. જીૈં મ્યુ. ફંડે સપ્ટેમ્બરમાં સમાન એક્ઝિટ લોડ ઘટાડો લાગુ કર્યો હતો. અગાઉ, મોટાભાગની ઈક્વિટી સ્કીમ્સ માટે એક્ઝિટ લોડ એક વર્ષની અંદર ઉપાડ માટે ૧% હતો. મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રના સુત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકારોના હિત અને સ્પર્ધાને ધ્યાનમાં રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંશતઃ સ્પર્ધાને કારણે છે. જો અમારી યોજનાઓ માટે એક્ઝિટ લોડ સ્પર્ધકો કરતા વધારે હોય, તો સ્વાભાવિક રીતે અમને નુકસાન થશે. વધુમાં, ઓછા એક્ઝિટ લોડ ફંડના ભંડોળ માટે તેના ફાળવણીને સમાયોજિત કરવાનું સરળ બનાવે છે.

એક્ઝિટ લોડ એ ચોક્કસ સમયગાળા પહેલાં મ્યુચ્યુઅલ ફંડ યોજનામાંથી બહાર નીકળવા અથવા આંશિક રીતે ઉપાડવા માટે રોકાણકારો દ્વારા ચૂકવવામાં આવતી ફી છે. આ સમગ્ર ઉપાડ રકમ પર લાગુ પડે છે, અને રોકાણકારો યોજના પસંદ કરતી વખતે આ લોડને ધ્યાનમાં લે છે, ખાસ કરીને જેઓ ટૂંકા ગાળાના રોકાણો ઈચ્છે છે અથવા વ્યવસ્થિત ટ્રાન્સફર યોજનાનું આયોજન કરે છે.ઈક્વિટી યોજનાઓ માટે એક્ઝિટ લોડ પ્રાથમિક પરિબળ નથી, કારણ કે આ સામાન્ય રીતે મધ્યમ ગાળાના રોકાણો હોય છે, જ્યાં રોકાણકારો ઉપાડ કરવાની યોજના બનાવે તે પહેલાં એક્ઝિટ લોડ સમયગાળો સમાપ્ત થાય છે. જોકે, ટૂંકા ગાળાના રોકાણો (ખાસ કરીને ત્રણ થી ૧૨ મહિનાના ક્ષિતિજવાળા) માટે, એક્ઝિટ લોડ વધુ સુસંગત બને છે, કારણ કે મોટાભાગના ફંડ હાઉસ પ્રથમ વર્ષમાં ઉપાડ માટે ૦.૨૫% અને ૧%ની વચ્ચે ચાર્જ કરે છે. આ ફી ટૂંકા ગાળાના રોકાણકારો માટે વળતરને અસર કરી શકે છે અને તેને ધ્યાનમાં રાખવું જોઈએ.

એક્ઝિટ લોડમાં ઘટાડો થવાનું વલણ વધુ રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડ ખરીદીને સરળ બનાવી શકે છે. આ અભિગમ ફક્ત એક સ્પર્ધાત્મક વ્યૂહરચના કરતાં વધુ રજૂ કરે છે, તેમજ નાણાકીય સમાવેશ તરફનો વ્યાપક પ્રયાસ છે.

# મુખ્યમંત્રી બદલો લેવા માગતાં હોય તો મારી ઓફિસ આવો...’કરૂર નાસભાગ મામલે વિજયની પ્રથમ પ્રતિક્રિયા



તમિલગા વેત્રી કઝગમ(ટીવીકે)ના નેતા અને અભિનેતા વિજયે કરૂરમાં થયેલી નાસભાગ પર પ્રથમ પ્રતિક્રિયા આપી છે. એક વીડિયો જાહેર કરતાં તેમણે આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને પોતાના સમર્થકોની સુરક્ષા મામલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિજયે કહ્યું કે, આ ઘટનાથી ઊંડો શોક છે. તેમણે જણાવ્યું હતું કે, કેવી રીતે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઉપયુક્ત સ્થળોની પસંદગી કરવામાં આવી હતી, અને પોલીસ વિભાગ પાસે મંજૂરી લેવામાં આવી હતી. તેમ છતાં આ પ્રકારની દુર્ઘટના બની તે દુઃખનીય છે.વિજયે પોતાના સમર્થકો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતાં કહ્યું કે, આ ઘટનાને રાજકીય કારણોથી બચાવવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા હતાં. હું સ્વીકારું છું કે, આ ઘટનાએ સૌ કોઈને ઝંઝોળી દીધા છે. હું તેમને આશ્વાસન આપું છું કે, પીડિત લોકોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેઓ ઝડપથી સાજા થાય તેવી કામના છે.વિજયે આ ઘટના વિરુદ્ધ ટીકાઓ અને આક્ષેપો કરનારા રાજકીય પક્ષો પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, તેઓ લગભગ પાંચ મહિના સુધી પ્રોપેગેન્ડા ઘડી રહ્યા છે. ઝડપથી સત્ય બહાર આવશે અને મારા પક્ષે કંઈ જ ખોટું કર્યું નથી.મુખ્યમંત્રીને સીધા સંબોધિત કરતાં વિજયે જણાવ્યું કે, જો કોઈપણ પ્રકારનો બદલો લેવાનો પ્રયાસ કરવામાં આવશે તો હું ઘરે નહીં જાઉ, હું મારી ઑફિસમાં જ રહીશ. મુખ્યમંત્રીજી બદલો લેવા માગતા હો તો ઑફિસ આવો. હવે મારો રાજકીય પ્રવાસ વધુ તાકાતવર બનશે.

## બીજી ઓકટોબર પહેલા લંડનમાં ગાંધીજીની પ્રતિમામાં તોડફોડ, ભારતીય હાઈ કમિશન નજીક જ હુમલો

લંડનના ભારતીય હાઈ કમિશન નજીક મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડ કર્યાની ઘટના સામે આવી છે. આ ઘટના બીજી ઓક્ટોબરના રોજ ગાંધી જયંતિની ઉજવણીના બે દિવસ પહેલા બની હતી. અજાણ્યા શખસોએ ટેવિસ્ટોક સ્ક્વેરમાં ગાંધીજીની પ્રતિમામાં તોડફોડ કરી હતી. ભારતીય હાઈ કમિશને આ ઘટનાની સુરક્ષા એજન્સીઓને જાણ કરી હતી.

અહેવાલો અનુસાર, લંડનના ટેવિસ્ટોક સ્ક્વેરમાં મહાત્મા ગાંધીની ધ્યાનસ્થ મુદ્રામાં પ્રતિમા છે. ભારતીય હાઈ કમિશનના જણાવ્યાનુસાર, મહાત્મા ગાંધીની પ્રતિમામાં તોડફોડ કરવાની ઘટનાઓની સખત નિંદા થવી જોઈએ. આ કોઈ નાનું કૃત્ય નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય અહિંસા બે દિવસ પહેલા અહિંસાના ઉપાસક મહાત્મા ગાંધીજીની વિરાસત પર હુમલો છે. તાત્કાલિક કાર્યવાહી માટે સ્થાનિક સુરક્ષા એજન્સીઓનો સંપર્ક કરવામાં આવ્યો છે. હાઈ કમિશનની એક ટીમ પણ પ્રતિમાના સમારકામ માટે ઘટનાસ્થળે અધિકારીઓ સાથે કામ કરી રહી છે. જ્યારે સુરક્ષા એજન્સીઓ હુમલાખોરને શોધી રહી છે.સંયુક્ત રાષ્ટ્રએ ગાંધી જયંતીને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે જાહેર કરી છે. દર વર્ષે બીજી ઓક્ટોબરના રોજ લંડનમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવે છે. ઈન્ડિયા લીગના સહયોગથી બનેલી આ કાંસ્ય પ્રતિમાનું અનાવરણ ૧૯૬૮માં કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા નજીકની યુનિવર્સિટી કોલેજ લંડનમાં કાયદાના વિદ્યાર્થી તરીકે મહાત્મા ગાંધીના દિવસોની યાદ અપાવે છે.


# ૨ ઓકટોબર ગાંધી જયંતીએ ગાંધીનગર જિલ્લાના ૨૮૮ ગામ ખાતે યોજાશે ગ્રામસભા

**ગ્રામ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ગ્રામજનોના સર્વ સમાવેશી અને સહભાગીતાને સુનિશ્ચિત કરવા માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આગામી તા. ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ ગાંધી જયંતીના રોજ ગાંધીનગર જિલ્લાના કુલ ૨૮૮ ગામ ખાતે મુખ્ય ગ્રામસભા યોજવામાં આવશે.**

**ગ્રામ સભામાં શિક્ષણ, આરોગ્ય- પોષણ, મહિલા સશકિતકરણ, બાળ સુરક્ષા, સમાજ કલ્યાણ તેમજ ગામના સામાન્ય વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે તમામ ગ્રામ સભાઓ ખાતે બાળ વિવાહ મુકત ભારત અભિયાન અંતર્ગત વિશેષ ઠરાવ કરી "મારૂં ગામ બાળ વિવાહ મુકત ગામ" બનાવવા ગ્રામજનોને સમજૂત કરવામાં આવશે અને "બાળ મૈત્રીપૂર્ણ" ગામ થીમ હેઠળ બાળમજૂર મુક્ત ગામ બનાવવા અંગેના પગલાંઓ વિશે ગ્રામ સભામાં ચર્ચા કરવામાં આવશે. ૨ ઓકટોબરે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ૫૬ ગામ, માણસા તાલુકાના ૮૧ ગામ, ગાંધીનગર તાલુકાના ૫૮ ગામ અને દહેગામ તાલુકાના ૯૩ ગામ મળી કુલ ૨૮૮ ગામ ખાતે યોજાનાર ગ્રામસભાઓમાં ગ્રામજનોને "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાન વિશે, રસોઈમાં ખાદ્યતેલના વપરાશમાં ઘટાડો કરી મેદસ્વિતામુક્ત બનવા માટે માહિતગાર કરવામાં આવશે તેમજ લોકો નિક્ષય મિત્ર તરીકે જોડાઈ શકે તે માટે તમામ સભાઓમાં રજીસ્ટ્રેશન પણ કરવામાં આવશે.**

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતના ઘરે સ્વયં ગાય દોહી







રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે પ્રતાપગઢ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી બીપીનભાઈ ભીખાભાઈ શંકરના ઘરે વહેલી સવારે પહોંચ્યા હતાં અને પ્રાકૃતિક ખેતી સાથે ગાયોના પાલન પોષણની વિગતો મેળવીને સ્વયં ગાય દોહી હતી. તેમજ પ્રતાપગઢના ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો.

# મન મોર બની થનગાટ કરે... મેઘરાજા પણ સુરતી ખેલૈયાઓને રોકી ન શક્યા, ચાલુ વરસાદમાં ગરબાની રમઝટ







સુરતમાં આ વખતે નવરાત્રિના સાતમના દિવસે આગાહી મુજબ વરસાદ તૂટી પડ્યો હતો. પરંતુ સુરતીઓએ સાબિત કરી દીધું છે કે, વરસાદ પર ગરબાનો જ જાદૂ ભારી પડી જાય છે. સુરતીઓના ગરબા પ્રત્યેના ઝનૂનના કારણે વરસતા વરસાદમાં પણ મોડી રાત્રી સુધી સોસાયટીઓ અને શેરીઓમાં લોકો ગરબે ઘુમતા જોવા મળ્યા હતાં. નવરાત્રિની શરૂઆત સાથે જ બંગાળની ખાડીમાં ઊભા થયેલા પ્રેશરના કારણે વરસાદ પડશે તેવી આગાહી હતી. હવામાન વિભાગ આગાહી સાતમના દિવસે બરાબર સાચી સાબિત થઈ ગઈ છે. સાતમાં નોરતે માતાજીની આરતી બાદ થોડા ગરબા શરૂ થયા હતા અને વરસાદની એન્ટ્રી થઈ હતી, જેના કારણે ગરબા અને વરસાદનો અનોખો સંગમ સુરતમાં જોવા મળ્યો હતો. સુરત સહિત સમગ્ર ગુજરાતમાં મા શક્તિની આરાધાનોનો પર્વ નવરાત્રિ આખરી મુકામ પર આવી ગયો છે, પરંતુ છેલ્લા બે દિવસથી સુરતમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે અને અચાનક ગરબા શરૂ થવાના થોડા સમય પહેલાં જ વરસાદ શરુ થઈ રહ્યો છે. મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. જો કે, ખેલૈયાઓ વરસતા વરસાદ વચ્ચે પણ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા આ વરસાદમાં ખેલૈયાઓમાં ભારે જોશ જોવા મળ્યો હતો.નવરાત્રિના સાતમના દિવસે સવારથી જ વરસાદનો રંગ જોવા મળ્યો હતો, પરંતુ આ વરસાદ સામે પણ સુરતી ખેલૈયાઓનો ઉત્સાહ અડગ દેખાયો હતો. સોસાયટીના સીસી રોડ અને પેવર બ્લોક વાળા રોડ પર વરસાદી પાણી હોવા છતાં ખેલૈયાઓ મન મૂકીને ઝુમ્યા હતા. માત્ર યંગસ્ટર્સ જ નહીં પરંતુ બાળકો અને વડીલો પણ ભીંજાતા ભીંજાતા ગરબે ઘૂમ્યા હતા. સાતમના દિવસે વરસાદની ભીની ઠંડક છતાં ગરબાના મેદાનોમાં ખેલૈયાઓ મન મૂકીને રમી માતાજીની આરાધના કરી હતી. સાતમાં નોરતે વરસાદે ખેલૈયાઓના ઉત્સાહ પર પાણી ફેરવી શક્યું નથી. વરસાદની ઝરમર વચ્ચે સુરતના ગરબા મેદાનોમાં માતાજીના ગરબે ખેલૈયાઓ મન મુકીને ઘુમ્યા હતા. ગરબા, દોઢીયા, ડાકલા અને સનેડાના તાલે ખેલૈયાઓની ટોળકી ઝૂમી ઊઠી. મોડી રાત્રી સુધી રહેણાંક સોસાયટી તેમજ શેરીઓમાં અબાલ વૃદ્ધ વરસાદમાં ભીંજાતા ભીંજાતા માતાજીના આરાધનામાં ગરબે ઘૂમ્યા. વરસાદ વચ્ચેની આ અનોખી ઉજવણી સુરતની નવરાત્રિને વધુ યાદગાર બનાવી ગઈ. સુરતીઓએ બતાવી દીધું કે માતાજીની આરાધનામાં વરસાદ ભલે અવરોધ આવે, પરંતુ ખેલૈયાઓનો ઉમંગ અને ભક્તિ કદી ઠંડા પડતા નથી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS NO-195**
વિષય: શરદ પૂનમ
શીર્ષક: "શરદ પૂનમ આવી"
પ્રકાર:પદ્ય અછાંદસ
શબ્દો: ૮૨

ભાદ્રનો ભેજ સૂકાયો નથી ને  શરદ આવી,
નેહ નીતરતાં નયનમાં નમણાં કૈક દરદ લાવી.

હેત ઘણું જ ભર્યું છે હેમંત માં હૈયે હરખનું,
નિ:શબ્દ નયણાં અંતર અયણાં અરદ લાવી.

અશ્વિન અલકે મૃગશી મલકે મયંક મલકાવી,
આનન, કાનન,ચક્ષુ, ચાનન ચાર્મ ચરદ લાવી.

મુખ મૃગાંક,  અક્ષિ શશાંક, સ્વપ્ર સજાવી,
માન મલાજો, મહીપતિ મોકળો મરદ લાવી.

વહાલી વસુંધરા, ઘૂમે ધરા , ધરણી ધારાવી,
હૈયું હરખાવી હરણનૈની હમદર્દ બની આવી.

વર્ષા વહાલી વદનમાં શરદ સમણાંમાં છાઈ,
સકલ સૃષ્ટિનું સૌંદર્ય લઈ શરદ પૂનમ આવી.

અમૃત શ્રીમાળી
મહેસાણા

**NG: SSNO:153**
વિષય:"શરદ પૂનમ
શીર્ષક:" શરદપૂનમ ની રાત"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૧૦
આસો માસ ની પૂર્ણિમા એ આવતી આ રાત છે,
સનાતન ધર્મ થી ચાલી આવતી ઉજવણી ની આ વાત  છે.
વર્ષ માં એક જ વાર આવતી ગ્રામજનો ને ભેગા કરતી શરદપૂનમ ની આ રાત છે,
તે દિવસે વહાલા ને પામવાં ને દિલ માં પેદા થતી આ ભાત છે.
તે રાત્રે ચાંદ ને જોઈ આંખ માં આવતા તેજ ની આ વાત છે,
શરદપૂર્ણિમા એ લક્ષ્મી દેવી પૃથ્વી પર ભ્રમણ કરી સૌને આપે છે આશીર્વાદ. શરદપૂનમે પામે સૌ દૂધ-પૌંઆ ને ખીર નો પ્રસાદ.
ચંન્દ્ર નાં પ્રકાશ માં કાન્હા ની ગોપીઓ સાથે ખેલતા મહારાસ ની આ વાત છે.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

**NG: NOGSS NO : 161**
વિષય : શરદપૂનમ
શિર્ષક : રઢિયાળી રાત
પ્રકાર : લેખ    શબ્દો : ૨૧૪

રઢિયાળી રાત એટલે આસો સુદ પૂનમ. શરદપુનમ. ગગન મંડપમાં ચાંદનીનું પાથરણું કરે તે શરદપુનમ. ચંદ્ર તેના કિરણોથી ધરતી પર અમૃતવર્ષા ઝારે છે.? ધરતી અને ગગન એકબીજાથી જાણે કે સાવ ઢુકડા લાગે! લોકોના હૈયે હરખ ના માય તે રાત એટલે શરદપૂનમ.

અશ્વીન પુર્ણિમા, કૌમુદી પુર્ણિમા, ઉજાગરી પુર્ણિમા વગેરે જેવા સુંદર નામોથી આ શરદપૂનમ જાણીતી છે. દરેક નામની પાછળ નાનકડા ઈતિહાસ તો છે જ! ગીતામાં લખ્યું છે કે કૃષ્ણએ આ રાત્રીએ એવી તો સુંદર મનભાવન વાંસળી વગાડી હતી કે ગોપીઓ વાંસળીના સૂરથી આકર્ષણ પામીને કૃષ્ણને મળવા દોડી આવી હતી અને ત્યારબાદ મહારાસ લીલા રચાઈ હતી. માન્યતા એવી પણ છે કે કૃષ્ણે દરેક ગોપી માટે એકેએક કૃષ્ણ બનીને લીલા રચી હતી. એમણે તેમની લીલાથી આ રાત બ્રહ્માની એક રાત જેટલી લંબાવી દીધી હતી. બ્રહ્માની એક રાત મનુષ્યની એક કરોડ રાત સમાન હોય છે.

બીજી એવી પણ માન્યતા છે કે આ દિવસે લક્ષ્મી માતાનો જન્મદિવસ હોઈ તેમની પણ વ્રત પૂજન કરવામાં આવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો આ દિવસો દરમ્યાન શરીરમાં પિત્તપ્રકોપ થાય છે. ખીર કે દુધપૌઆ બનાવીને ઘરનાં આંગણામાં કે ઝરુખે ચાંદરણામાં મુકીને પછી તેનો આસ્વાદ માણવામાં આવે તો શરીરમાંથી પિત્ત ગાયબ! છે ને ધર્મ અને વિજ્ઞાનનું અદ્ભુત કમાલનું મિલન! આસો માસ તો પર્વોનો માસ છે અને એમાં પણ નવરાત્રીની શરૂઆત પછી આવે શરદપૂનમ..કહેવાય છે કે આપણા ભારતદેશમાં વાર ઓછાં ને તહેવારો વધારે! અસ્તુ!
૦ગ્રીષ્મા પંડ્યા ૦૦

**NG: NOGSS NO: 345**
વિષય: શરદ પૂનમ
શીર્ષક: મારી નજરોમાં તારી વાટ
પ્રકાર: પદ્ય -  શબ્દો:૧૪૪

શરદ પૂનમની રાત, ગોતું પિયુનો સંગાથ, મારા મનડે, મારા દિલડે તારી જ યાદ શરદ પૂનમની રાત.

હું ગોતું ક્યાં તને ગોતું ક્યાં મને રસ્તો ન દેખાય,
આંખ મારી વરસે, મન મારું તરસે, દિલડું મારું તડપે શરદ પૂનમની રાત મારી નજરોમાં તારી વાટ

એક હતો પોપટને એક પોપટડું મસ્તાન, માળો બાંધ્યો ખૂબ મહેનતથી લાગણીનો વરસાદ, શરદ પૂનમની રાત શરદ પૂનમની રાત.

નાનો મજાનો માળો, નીતિ નિયમનો વાસ, રામ રાખે તેમ રહી જાણે સાદગીનો નિવાસ, શરદ પૂનમની રાત મારી નજરોમાં તારી વાટ.

માળો ગરીબડો જીવડો અમીર, ભૂખ્યું કોઈ ના પાછું જાય, માનવતા લહેરાય,શરદ પૂનમની રાત શરદ પૂનમની રાત.

સૌ માટે જીવનારો પોપટ સદાચારી એક દિન અનંતની વાટ જાય, ૐ નમઃ શિવાય.

આવી શરદ પૂનમની રાત પોપટડું ઉદાસ, દૂધ જેવા અજવાળામાં ઘોર અંધારું દેખાય, શરદ પૂનમની રાત મારી નજરોમાં તારી વાટ.

**Hansa zala** "લાગણી"સુરત

**NG: NOG SS NO 166**
વિષય:- "શરદ પૂનમ"
શિર્ષક :-"રાસમાં જમાવટ"
પ્રકાર  :- પદ્ય     શબ્દો:-૬૯

શરદ પૂનમની રાતલડી આવી,
મેઘ મલ્હારનો વિરામ લાવી,
શ્વેત વસ્ત્રોમાં શણગાર સજીને,
રાધિકા શ્યામને મળવા આવી.

ઝાંકળની જેવી ચમકતી બિંદી,
તેના લલાટમાં લગાડીને આવી,
શ્વેત ફુલોની વેણી કેશમાં બાંધીને,
રાધિકા શ્યામને મળવા આવી.

અધરોથી મધુર સ્મિત ફરકાવતી,
પાંપણોથી ઈશારા કરતી આવી,
ઝનનન ઝાંઝરનો ઝણકાર કરીને,
રાધિકા શ્યામને  મળવા આવી.

તા થેઈ તત થેઈ નૃત્ય કરતી કરતી,
અમૃત વરસાવતી ચન્દ્રિકા આવી,
શ્યામની "મુરલી" માં મગ્ન બનીને,
રાધિકા રાસમાં જમાવટ લાવી.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

**NG: NOG SS NO 167**
વિષય:-"શરદ પૂનમ"
શિર્ષક:- "રઢિયાળી રાત"
પ્રકાર :-પદ્ય....શબ્દો:-૭૦"

પૂર્ણ ચંદ્રની આ, રઢિયાળી રાત આવી,
શરદપૂનમની, દૂધ-પૌવાની વાત આવી.
ઝાંકળ ફૂલો પર, મોતી બની સરી પડે,
ભીની ધરતીની, મહેકની સવાર આવી.
ચાંદા મામા, સોળે કળાએ ખીલ્યાં છે,
તળાવ,બગીચામાં ફરવાની રાત આવી.
આકાશી છાબમાં, તારલા ટમટમ થતાં,
અંધારભરી, ઉજાશીની જાણે રાત આવી.
નવરાત્રી પછી, દિવાળીની મુલાકાત લાવી,
ગયો વરસાદ, ઠંડી શરદઋતુને સાથ લાવી.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)

**NG: NOGGS 226**
વિષય:શરદ પૂનમ
શિર્ષક: શરદ પૂર્ણિમાની રાત
રચના: પદ્ય
શબ્દો:૮૮

ચમકે ચાંદની નિખરાતી, ઝળહળે જગતમાં મધુર રાત
તારલ મણિ સમ ટમટમતા, ભરપૂર થયું આકાશ રાત
પવન મલય સમ મૃદુ વહે, કમળે સુગંધ ભરી છે રાત.
તળાવ તરંગ ઝગમગે, પ્રકૃતિ ગાયે અમૃત ભરી રાત.

મુરલી મીઠી વાગે ધીરે, ગોપીયો ગાય કેવી રૂડી રાત.
પ્રેમરસે ભીંજાય જગત, હ્રદયે ઉજાસ ભરતી રૂડી રાત.

કિરણકણો વરસે અમૃત, અંગમાં શીતળ ચડતી રાત
અંધકાર સરે દશે દિશા, ઝળહળે શાંતિ ભરી છે રાત.

શરદ પૂર્ણિમા સરસ્વતી, વહેતી સુમંગલ ધ્વનિ રાત.
વિશ્વે માણે આનંદમય, ઝળહળે દિવ્યતા અખંડ રાત.

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)

**NG: NOGSS NO :158**
વિષય: શરદ પૂનમ
શીર્ષક: મધુર ચાંદની
પ્રકાર:પદ્ય    શબ્દો:૧૦૮

આસો સુદ પૂનમ શરદોત્સવ શરદપૂર્ણિમા,
સોળે કળાએ ખીલે છે મધુર ચાંદની ચંદ્રમાં!

અમૃત વરસાવે રાત્રે શરદપૂર્ણિમાની ચાંદની,
અપાવે દૂધ પૌઆની યાદ શરદપૂર્ણિમાની ચાંદની!

શીતળ કિરણો ચંદ્રમાના હોય ઔષધિ?? રુપ,
મનુષ્યના રોગ દોષ દૂર  કરે નિર્મળ રુપ!

સમુદ્ર મંથન વખતે જન્મ થયો લક્ષ્મીજીનો આજ,
લક્ષ્મીજી અને ચંદ્રદેવની થાય છે પૂજા આજ!

શરદ પૂનમનો ચાંદ મધુર પ્રેમી મિલન કરાવે,
ભાંગેલ હૈયાન પ્રેમ મિલનની આશ જગાવે!

શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રાસ રચી રાસ?લીલા કરી,
જોઈ સ્વર્ગના સર્વ દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી!

’પ્રેમ’ સફેદ વસ્ત્ર આભૂષણ દેવ પૂજા? પાઠ કરતાં,
સુખ સમૃદ્ધિ મહાલક્ષ્મી ભક્તોના દ્વાર આવતાં!
શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’ આદરીયાણા (સુરેન્દ્રનગર)

# ગાંધીનગર મહાનગરપાલિકા અન્ય નગરપાલિકાઓને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન આપશે







ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન ની ઉજવણીના ભાગરૂપે તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૨ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન આયોજિત ‘‘સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫× પખવાડિયાના અનુસંધાનમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૫ નગરપાલિકાઓ સાથે ૅ કરવામાં આવ્યા.તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મહાત્મા મંદિર ખાતે આયોજિત સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાને ‘નિર્મળ ગુજરાત ૨.૦‘ અભિયાન અંતર્ગત ૩ લાખથી ૧૦ લાખની વસ્તી ધરાવતી શ્રેણીમાં પ્રથમ ક્રમાંક એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં તેની નોંધપાત્ર કામગીરીને માન્યતા આપતા, ભારતના મહામહીમ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ગાંધીનગર શહેરને ૩ લાખથી ૧૦ લાખની વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં ‘સુપર સ્વચ્છ લીગ સિટી‘ તરીકેનો પ્રતિષ્ઠિત એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

સ્વચ્છતામાં આ ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને, સ્વચ્છ ભારત મિશન (અર્બન) દ્વારા રાજયમાં નબળું પરિણામ મેળવનાર નગરપાલિકાઓના પરિણામો સુધારવા માટે એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે. આના ભાગરૂપે, તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા (પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન ખાતે) ખાતે ‘સ્વચ્છ શહેર જોડી‘ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાંચ નગરપાલિકાઓ - વડનગર, જામજોધપુર, માલિયા મિયાણા, કુતિયાણા અને સિક્કા નગરપાલિકા સાથે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (ૅ) કરવામાં આવ્યા. આ ૅ નો મુખ્ય હેતુ ગાંધીનગરની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને સ્વચ્છતાની વ્યૂહરચનાઓનું આ પાંચ નગરપાલિકાઓમાં અનુવર્તન કરાવીને તેમના સ્વચ્છ સર્વેક્ષણ રેન્કિંગમાં સુધારો લાવવાનો છે. આ ભાગીદારી દ્વારા સ્વચ્છ ભારત મિશનના મુખ્ય ઘટકો જેવા કે સંપૂર્ણ સ્વચ્છતા અને સફાઇ મિત્ર સુરક્ષા શિબિર પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી માન. મેયરશ્રી, માન. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને માન. નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાન નગરપાલિકાઓના અધ્યક્ષશ્રીઓ અને ચીફ ઓફિસરશ્રીઓએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો અને સ્વચ્છતાના લક્ષ્યોને હાંસલ કરવા માટે સહકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સ્વસ્થ નારી સશક્ત પરિવાર કાર્યક્રમ અંતર્ગત અલુવામાં આરોગ્ય કેમ્પ યોજાયો














માણસાઃ ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી કાર્યક્રમ 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર' અંતર્ગત આજરોજ માણસા તાલુકાના અલુવા ગામે એક વિશાળ આરોગ્ય કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય કેમ્પનો શુભારંભ ગામના સરપંચ શ્રી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વરસોડાના મેડિકલ ઓફિસર સાહેબ શ્રીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો, જેમણે આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

આ કેમ્પમાં ગ્રામજનોને તેમના સ્વાસ્થ્યને લગતી વિવિધ સમસ્યાઓનું નિદાન અને સારવાર એક જ સ્થળે મળી રહે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોર-કિશોરીઓના સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.આ ઉપરાંત, કેમ્પમાં આંખની તકલીફ, ડાયાબિટીસ, બીપી (બ્લડ પ્રેશર), અને ટીબી (ક્ષય) જેવી ગંભીર બીમારીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. હાજર રહેલા ડોકટરો અને આરોગ્યકર્મીઓએ દર્દીઓની લોહીની તપાસ સહિત આરોગ્યને લગતી અન્ય અલગ-અલગ બીમારીઓનું નિદાન કરી તેમને જરૂરી સારવાર અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમને ગામના લોકો તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ગામના મોટાભાગના લોકો ઉત્સાહભેર આ આરોગ્ય કેમ્પમાં જોડાઈને નિદાન અને માર્ગદર્શન મેળવ્યું હતું, જેના કારણે આ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો. ગ્રામજનોએ સરકારના આ જનહિતલક્ષી અભિગમ અને આરોગ્ય ટીમની કામગીરીની સરાહના કરી હતી.

આ સફળ આયોજનથી 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર'ના સૂત્રને અલુવા ગામે સાચા અર્થમાં સાર્થક કરવામાં આવ્યું છે.

## સુરતના સણીયા હેમાદ તળાવમાં સંખ્યાબંધ માછલી મરી જવા પાછળ ઓદ્યોગિક પ્રદુષણ હોવાનો આક્ષેપ



સુરત પાલિકાના રાંદેર ઝોનમાં પાલિકાના લેક ગાર્ડનમાં માછલી મરી જવાની ઘટના બાદ હવે સણીયા હેમાદ તળાવમાં સંખ્યાબંધ માછલી મરી ગઈ હોવાની વાત બહાર આવી છે. તળાવમાં મરેલી માછલીઓ મળી આવતા સ્થાનિકોએ પાલિકા અને જીપીસીબીને જાણ કરી છે અને પાણીના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી છે. તો બીજી તરફ સ્થાનિકોએ ઔદ્યોગિક પ્રદુષણના કારણે માછલી મરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો.

સુરત શહેરને અડીને આવેલા સણીયા ગામમાં એક ગામ તળાવ આવ્યું છે. આ તળાવ કિનારે સ્થાનિકો સવારે ગયાએ હતા ત્યારે સંખ્યાબંધ માછલીઓ મરેલી જોવા મળી હતી. તળાવમાં અનેક માછલીઓ મરેલી દેખાતા સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. આ પહેલા આવો બનાવ બન્યો ન હતો તેથી સ્થાનિકોએ પાલિકાના વરાછા ઝોન અને જીપીસીબીને જાણ કરી છે તંત્ર પહોંચ્યું હતું અને પાણીના સેમ્પલ લઈ માછલી મરવા પાછળના કારણની તપાસ શરુ કરી છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે આ પહેલા ઘટના બની નથી પરંતુ હાલમાં આ વિસ્તારમાં અનેક ગેરકાયદે એકમો ચાલી રહ્યાં છે આ ઉદ્યોગો દ્વારા ઝેરી અને કેમિકલયુક્ત કચરાનો નિકાલ તળાવ નજીક કરવામાં આવે છે તેના કારણે તળાવમાં માછલીઓ મરેલી જોવા મળી છે. આવા પ્રદુષણ ફેલાવતા ઉધ્યોગો સામે કામગીરી કરવાની માંગણી કરી છે.

આ અંગેની ફરિયાદ મળ્યા બાદ પાલિકાના વરાછા ઝોન અને ફાયર વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને જીપીસીબીને પણ જાણ કરવામાં આવી છે. પાણીના સેમ્પલ લઈને આગળની તપાસ હાધ ધરવામાં આવશે.

## સુરત પાલિકાના ફૂડ વિભાગે દશેરા પહેલા ફરસાણની દુકાનોમાંથી ફાફડા-જલેબીના સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલાયા



સુરત સહિત સમગ્ર ગુજરાતમાં દશેરાના દિવસે કરોડો રૂપિયાના ફાફડા અને જલેબીનું વેચાણ થાય છે. આ ફાફડા જલેબી લોકોના આરોગ્ય માટે સુરક્ષિત છે કે નહી તે જાણવા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે ફાફડા-જલેબીના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી છે. સુરત પાલિકાના ફુડ વિભાગની ટીમે શહેરના જુદા જુદા વિસ્તારમાં ફરસાણું વેચાણ કરતી દુકાનોમાં ચકાસણી કરી અને ફાફડા જલેબીના સેમ્પલ લીધા છે અને ચકાશણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

ખાણીપીણીના શોખીન સુરતીઓ દશેરાના દિવસે કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ઝાપટી જતા હોય છે. આ દિવસે ફાફડા અને જલેબીને વેચાણમાં ભારે ઉછાળો આવે છે. દશેરાના દિવસે ફાફડા અને જલેબીની ભારે ડિમાન્ડ હોવાથી ફરસાણ વેચાણ કરનારા વેપારીઓની દુકાને લાંબી લાંબી લાઈનો જોવા મળે છે. દશેરાના દિવસે ફાફડા અને જલેબી ના વેચાણમાં તેજી હોવાથી ફરસાણ બનાવનારા સાથે-સાથે ફાફડા જલેબીનું વેચાણ કરે છે. મોટી સંખ્યામાં ફાફડા જલેબી નો ઓર્ડર હોવાથી દશેરાના આગલા દિવસથી જ વેપારીઓ ફાફડા બનાવવાની કામગીરી શરૂ કરી દે છે સુરતમાં દશેરાના દિવસે લોકો જે ફાફડા અને જલેબી ખાય છે તે આરોગ્યપ્રદ છે કે નહીં તે જાણવા માટે સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ આજે સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી છે. પાલિકાના ફુડ વિભાગના જણાવ્યા પ્રમાણે આ સેમ્પલ લીધા બાદ તેની ચકાસણી લેબમાં મોકલાશે. જો કોઈ વેપારી પાસે લીધેલા સેમ્પલ તપાસમાં નિષ્ફળ જાય તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગે સેમ્પલ લેવાની કામગીરી સાથે સાથે ફરસાણની દુકાનમાં સફાઈ ની કામગીરી નું પણ નિરીક્ષણ કર્યું હતું અને જ્યાં ખામી દેખાય હતી ત્યાં નોટિસ આપવા સાથે અન્ય કામગીરી પણ કરવામા આવી છે.

## સહકાર વિભાગના સચિવ શ્રી સંદીપકુમારની પ્રેરક ઉપસ્થિતિમાં ઈસનપુર મોટા દુધ સહકારી મંડળીના સભ્યો દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા

ગાંધીનગર તા.૩૦ સપ્ટેમ્બર- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિનથી ગાંધીનગર જિલ્લાની વિવિધ સહકારી મંડળીના સભ્યો દ્વારા વિશેષ પોસ્ટકાર્ડ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવા તથા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. જેમાં આજરોજ સહકાર વિભાગના સચિવ શ્રી સંદીપકુમાર તથા એપીએમસીના હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાની ઈસનપુર મોટા દૂધ સહકારી મંડળી ખાતે સભ્યો દ્વારા પોસ્ટ કાર્ડ લખવામાં આવ્યા હતા.

ઈસનપુર મોટા દૂધ સહકારી મંડળીના સભાસદએ જણાવ્યું હતું, કે પ્રધાનમંત્રીશ્રીએ સહકારી મંડળીઓ માટે અલગથી વિભાગની સ્થાપના કરી અમારી સમૃદ્ધિનો માર્ગ કંડાર્યો છે. સહકારથી સમૃદ્ધિ અંતર્ગત નાનામાં નાની દૂધ મંડળીને પણ માઈક્રો એ.ટી.એમ આપવામાં આવ્યું છે, તમામ મંડળીઓનું ડિજિટલાઈઝેશન થયું છે ત્યારે દેશની પ્રગતિ માટેના આવા નક્કર પગલાંઓ બદલ અમે તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.



ડભોડા સેવા સહકારી મંડળી ખાતે ગુજરાત રાજ્યના સહકારી મંડળી રજીસ્ટ્રાર શ્રી મિતેશ પંડ્યા, સંયુક્ત રજીસ્ટ્રાર શ્રી ચેતન પરમાર, શ્રી શ્વેતા પટેલ તથા ગાંધીનગર જિલ્લા રજીસ્ટ્રાર શ્રી સ્તુતિ વ્યાસની ઉપસ્થિતિમાં આશરે સો જેટલા સભાસદોએ પોસ્ટ કાર્ડ લખીને ભાવ વ્યક્ત કર્યો હતો. ડભોડા સેવા સહકારી મંડળીના સભાસદશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીએ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીને વિશેષ યોજના દ્વારા ઈ-પેક્સ બનાવી છે, જેનાથી તમામ વ્યવહારો કોમ્પ્યુટરાઈઝ થયા છે. સહકારી મંડળીમાં જન ઔષધિ કેન્દ્ર, આરોગ્ય માટે મા કાર્ડ યોજના વગેરે જેવી સુવિધાઓ પણ મળી છે. ત્યારે સહકારી મંડળીઓને આર્થિક ઉન્નતિ તરફ લઈ જવામાં પ્રધાનમંત્રીશ્રીના વિઝન અને પ્રતિબધ્ધતા માટે અમે તેમના આભારી છીએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.